## ગમખ્વાર માર્ગ દુર્ઘટના અંગે રાજ્યપાલશ્રીએ દિલસોજી વ્યક્ત કરી

ગાંધીનગર, તા. ૫

અમદાવાદ જિલ્લાના ધોળકા-બગોદરા ધોરીમાર્ગ પર થયેલ ગમખ્વાર માર્ગ દુર્ઘટનાના મૃતકો પ્રત્યે ગુજરાતના રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલીએ ઊંડી સંવેદના વ્યક્ત કરી છે અને મૃતકોના શોક સંતપ્ત પરિવારજનોને સાંત્વના પાઠવી છે. આ દુર્ઘટનામાં ઈજા પામનાર ઝડપથી સાજા થાય તેવી પણ તેમણે અભ્યર્થના વ્યક્ત કરી છે.

## ધોળકા-બગોદરા ગમખ્વાર માર્ગ અકસ્માતના કમનસિબ મૃતકોને મુખ્યમંત્રીની શ્રદ્ધાંજલિ

ગાંધીનગર, તા. ૫

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ધોળકા-બગોદરા માર્ગ પર ગત મોડી રાત્રે સર્જાયેલા ગમખ્વાર માર્ગ અકસ્માતમાં મૃત્યુ પામેલા કમનસીબ વ્યક્તિઓ પ્રત્યે ઘેરા શોક અને દિલસોજીની લાગણી વ્યક્ત કરી છે.

વિજયભાઈ રૂપાણીએ આ માર્ગ અકસ્માતમાં જાન ગુમાવનારા નિર્દોષ નાગરિકોના શોક સંતપ્ત પરિવારજનોને સાંત્વના પણ પાઠવી છે.

## મૃતકોના વારસદારોને ૪ લાખની સહાય જાહેર કરતા મુખ્યમંત્રી

ગાંધીનગર, તા. ૫

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ગઈ મોડી રાત્રે ધોળકા-બગોદરા ધોરીમાર્ગ પર સર્જાયેલા ગમખ્વાર માર્ગ અકસ્માતમાં જાન ગુમાવનારા ૧૪ નિર્દોષ નાગરિકો પ્રત્યે સાંત્વના પાઠવી પ્રત્યેક મૃતકના વારસદારને રૂ. ૪ લાખની સહાય રાજ્ય સરકાર તરફથી આપવાની જાહેરાત કરી છે.

## ત્રણ કરોડના સોનાની લૂંટ પ્રકરણે ૩ શખ્સો ઝડપાયા

અમદાવાદ, તા. ૪

ક્રાઈમ બ્રાંચની ટુકડીએ સોનાના વેપારીની ઈનોવા કારમાંથી ૧૦ કિલો સોનાની લૂંટના મામલામાં રાજસ્થાનની ગેંગના ત્રણ સાગરીતોને પકડી પાડવામાં સફળતા મેળવી છે. બાતમીના આધાર ઉપર તપાસ કરવામાં આવ્યા બાદ તેમને પકડી પાડવામાં આવ્યા છે. ત્રણ કરોડના સોનાની લૂંટ ચલાવનાર આ શખ્સોને પકડી પાડવામાં આવ્યા બાદ પૂછપરછ હાથ ધરાઈ છે. ત્રણેય શખ્સો બહેરામપુરા, જોગમીમાતાના મંદિર પાસે આવનાર છે તેવી બાતમી મળી હતી. જેથી જાળ બીછાવવામાં આવી હતી. ત્રણ ઈસમો રાજસ્થાનમાં મોટી લૂંટ કરી ચુક્યા છે અને લૂંટના ગુનામાં પોલીસથી બચવા અમદાવાદ શહેરમાં આવેલા છે.

આ શખ્સો ગીતામંદિર તરફથી ચાલતા આવી જોગણી માતાના મંદિર થઈ કાંકરીયા તરફ જનાર છે તેવી બાતમી મળી હતી. જેના આધારે તેમને પકડી પાડવામાં આવ્યા હતા. બાતમીવાળા ઈસમો ગીતા મંદિર તરફથી આવી પહોંચ્યા બાદ તેમને રોકીને નામ ઠામ પૂછવામાં આવ્યા હતા. જેથી ત્રણેય ઝડપાઈ ગયા હતા. તેમની ઓળખ શિવસિંહ ચેનસિંહ રાજપુત, કરણવીરસિંહ જબરસિંહ રાજપુત, લાધુસિંહ ઉર્ફે લાખન તરીકે ઓળખાયા હતા. ત્રણે જોધપુરના હોવાનું ખૂલ્યું હતું. પૂછપરછમાં આ લોકોએ લૂંટ કરી હોવાની કબુલાત કરી હતી.

આ ગુના સંબંધે હકીકત એવી છે કે, રાજસ્થાન ખાતે સોના ચાંદીના વેપારી ચંદ્રપ્રકાશ ખત્રીના માણસોની ઈનોવાકારમાં સોનાના બિસ્કીટ કિલો-૧૦ લઈ જયપુરથી જોધપુર તરફ વેપારીના માણસો ઈનોવાકારમાં જઈ રહેલ હતા ત્યારે આ કામના પકડાયેલ આરોપીઓ તથા તેમના બીજા સાગરીતો જેમાં ભોમસિંગ, મનોહરસિંગ, પ્રેમસિંગ, શક્તિસિંગ, જેઠુસિંગ, ભીખસિંગ, વગેરે મળી કુલ્લે-૧૪ માણસો બે સ્કોર્પીયો કાર તથા એક બોલેરો કેમપર તથા એક સ્વીફટ કારમાં આવી ઈનોવાકારને રોકી તેમાં બનાવેલ અન્ડર ગ્રાઉન્ડ બોક્સ તોડી તેમાંથી સોનાના બિસ્કીટ કિલો-૧૦ અંદાજીત ૩,૦૦,૦૦,૦૦૦ની લૂંટને અંજામ આપેલ હોવાની કબુલાત કરેલ છે.

**કંપની સમાચાર**

## ગ્રીનસિગ્નલ બાયો ફાર્મા આઈપીઓ ૯મી નવેમ્બર, ૨૦૧૬ના રોજ ખૂલે છે

ગ્રીનસિગ્નલ ફાર્મા લિ. (જીએસબીપીએલ), જે રસીનું નિર્માણ કરતી કંપની છે, તે પી. સુંદરાપરીપૂરનન અને ડૉ. પી. મુરલી (એકત્રિતપણે 'પ્રમોટર સેલિંગ શેરહોલ્ડર્સ' તરીકે સંદર્ભિત છે), મલ્લિકા મુરલી ('પ્રમોટર્સ સેલિંગ લિંગ શેરહોલ્ડર્સ'), અને આર. શ્રીનિવાસન તથા એવોન સાયકલ્સ લિ. એકત્રિતપણે 'પબ્લિક સેલિંગ શેરહોલ્ડર્સ' તરીકે સંદર્ભિત છે) દ્વારા ઓફર ફોર સેલ દ્વારા જાહેર જનતા માટે પ્રારંભિક પ્રત્યેકના રૂ. ૧૦ના અંકિત મૂલ્યના ૧,૪૫,૭૯,૫૬૦ ઈક્વિટી શેરોના પ્રસ્તાવ સાથે મૂડીબજારમાં પ્રવેશી રહી છે. ઓફર કંપનીના ફુલ્લી ડાયલ્યુટેડ પોસ્ટ ઓફર પેઈડ-અપ ઈક્વિટી શેર કેપિટલના ૩૮ ટકા ધરાવે છે.

રૂ. ૧૦ના અંકિત મૂલ્યના પ્રત્યેક ઈક્વિટી શેર રૂ. ૭૬થી રૂ. ૮૦ના પ્રાઈસ બેન્ડમાં ઈક્વિટી શેર પ્રસ્તાવિત કરાય છે.

૧૦૦ ટકા બુક બિલ્ડિંગ ઈશ્યુ ૯મી નવેમ્બર, ૨૦૧૬ના રોજ બુધવારે ખૂલશે અને ૧૧મી નવેમ્બર, ૨૦૧૬ના રોજ શુક્રવારે બંધ થશે.

ભારતમાં ક્યુઆબી, એચએનઆઈ અને રિટેલ ઈન્વેસ્ટરને ઈક્વિટી શેર પ્રસ્તાવિત કરાય છે તેમજ એફઆઈઆઈ, એફપીઆઈ અને એનઆરઆઈ આ સિક્યોરિટીઝમાં રોકાણ કરવા માટે પણ યોગ્યતાપાત્ર છે.

ઈક્વિટી શેરો બીએસઈ અને એનએસઈ પર લિસ્ટિંગ માટે પ્રસ્તાવિત કરવામાં આવે છે.

ઈશ્યુના ગ્લોબલ કોઓર્ડિનેટર તથા બુક રનિંગ લીડ મેનેજર છે ઈન્ડિયન ઓવરસીઝ બેન્ક, જીએસબીપીએલ શ્રી પી. સુંદરાપરીપૂરનન અને ડૉ. પી. મુરલી દ્વારા પ્રમોટ કરવામાં આવી છે.



જ્ઞાન પંચમીએ પૂજન - લાભ પાંચમને જૈન સંપ્રદાયમાં જ્ઞાન પંચમી તરીકે ઉજવવામાં આવે છે... જૈન દેરાસર ખાતે પરિવારોએ શાસ્ત્રોની પૂજા કરી હતી... જ્ઞાન પ્રાપ્તિ માટેની આરાધના કરી હતી... જ્ઞાન પ્રાપ્તિ એ જીવનનો મોટો લાભ ગણાવાય છે અને એટલે જ જૈન પરિવારોમાં જ્ઞાન પંચમીનું મહિમા મોટો છે...

## જનાક્રોશથી ડરેલી ભાજપ સરકાર પંચાયતની ચૂંટણીઓ પાછી ઠેલે છે

**અનેકવિધ સમસ્યાઓ પેદા કરવામાં ગતિશીલ ભાજપ સરકાર તંત્રનો દુરૂપયોગ કરી કાર્યક્રમ યોજે છે તો પણ કોઈ લાભ નહી થાય : ડૉ. હિમાંશુ પટેલ**

ગાંધીનગર, તા. ૫

ભ્રષ્ટાચાર, ચોરી-લૂંટ, બેરોજગારી, મોંઘવારી અને અનેકવિધ કૌભાંડો સાથે સમસ્યાઓ પેદા કરવામાં ગતિશીલ રહેલી ગુજરાતની ભાજપ સરકાર પ્રજાના રોષના કારણે ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણીઓથી દૂર ભાગી રહી છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલે જણાવ્યું છે કે, ગ્રામ્ય વિસ્તારોમાં સંપૂર્ણપણે જનાધાર ગુમાવી ચુકનાર ભાજપ સરકારે કોંગ્રેસ શાસિત જિલ્લા-તાલુકા પંચાયોતની સત્તાઓમાં ગેરકાયદે કાપ મુકવા છતાં ભાજપ વિરૂદ્ધ અકબંધ રહેલા જનાક્રોશના કારણે ભાજપ સરકાર પ્રજાનો સામનો કરતા ડરી રહી છે.

કોંગ્રેસના પ્રદેશ પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલે જણાવ્યું છે કે ભાજપ સરકાર રાજ્યની દસ હજાર જેટલી ગ્રામ પંચાયતોની ચૂંટણી સમયસર યોજવામાંથી શરમજનક રીતે પીઠેહઠ કરી રહી છે. પંચાયતોની સામાન્ય ચૂંટણીઓ માટે જાહેરનામુ બહાર પાડવાના બદલે કોર્ટ મેટર તેમજ યેનકેન પ્રકારે ભાજપ સરકાર ચૂંટણીઓ પાછી ઠેલવા માટે ગંભીર પ્રયાસો કરી રહી છે. એકબાજુ લગભગ તમામ ગ્રામ્ય વિસ્તારોમાં ઉમેદવારો સહિત પ્રજામાં આ ચૂંટણીઓ માટે ભારે ઉત્સાહ પ્રવર્તી રહ્યો છે. ત્યારે છેલ્લા પાંચ વર્ષમાં અનેકવિધ સમસ્યાઓ પેદા કરવામાં ગતિશીલ રહેલી ભાજપ સરકાર પ્રજાને મોઢુ બતાવી શકે તેવી સ્થિતિમાં જ નથી. ભ્રષ્ટાચાર, મોંઘવારી, ચોરી-લૂંટ, દુષ્કર્મ, બેરોજગારી, અત્યાચાર સહિત ભરતી જેવા અનેક કૌભાંડોના કારણે ભાજપ પ્રજાનો સામનો કરી શકે તેમ નથી.

## સેવાસેતુ કાર્યક્રમનો પ્રારંભ

**કચ્છના ભુજોડી ખાતેથી કાર્યક્રમનો આરંભ**




અમદાવાદ, તા.૦૪

કચ્છ જિલ્લોએ ગુજરાતમાં કઈક અલગ તાસીર ધરાવતો જિલ્લો છે અને કચ્છની પ્રજા પણ ખમીરવંતી છે જેની ખુમારી આપણે ભુકંપમાં જોઈ લીધી છે કચ્છના સર્વાંગી વિકાસ માટે રાજય સરકાર સંવેદનશીલ છે અને કચ્છને મા નર્મદાનું પાણી આપવા માટે રાજય સરકાર કટીબદ્ધ છે અને આવનારા દિવસોમાં કચ્છ માટે પીવાનાં પાણીની સમસ્યાનો કાયમી નીવેડો આવી જવાનો છે અને તે માટે તેજ ગતીમાં કામગીરી શરૂ છે તેમ રાજયના મુખ્ય મંત્રી વિજય રૂપાણીએ જણાવ્યું હતું.

રાજયનાં મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ભુજોડી ખાતે કચ્છ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આયોજિત સેવા સેતુ કાર્યક્રમ ઉદઘાટન સમારોહમાં ઉદબોધન કરતા જણાવ્યું હતું કે, રાજય સરકાર ગુજરાતને ભ્રષ્ટાચાર મુક્ત કરવા માટે સંકલ્પબદ્ધ છે અને રાજય સરકારે ૯૦ દિવસમાં ૧૦૦ કરતાં પણ વધારે કલ્યાણકારી લોક નિર્ણયો લીધા છે.

સરકારની કામગીરી વધારે ગતીશીલ કરવા અને યુવાનોને રોજગારી ઉપલબદ્ધ કરાવવા માટે સરકાર ૬૭ હજાર યુવાનોને નોકરી આપી રોજગારી પુરી પાડશે. રાજય સરકારનાં પારદર્શક, સંવેદનશીલ વહીવટી તંત્રને વેગવતું બનાવવાનાં હેતુથી નાગરિકોની વ્યક્તિલક્ષી રજુઆતોનો કે જે રાજય સરકારની યોજનાની અમલવારી સાથે સંલગ્ન વિભાગોના સ્થાનિક તાલુકાનાં અધિકારીઓ દ્વારા નિકાલ કરી શકાય તેમ હોય તે ધ્યાને લઈ આવી રજુઆતોને સ્થળ ઉપર જ ઉકેલ લાવી શકાય તે માટે રાજય સરકાર દ્વારા આજરોજથી સમગ્ર રાજયમાં તબક્કાવાર સેવા સેતુ કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવેલ છે તેમ રાજયનાં મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આજરોજ કચ્છ જિલ્લાનાં ભુજોડી ખાતે સેવા સેતુ કાર્યક્રમનો પ્રારંભ કરાવતા જણાવ્યું હતું.

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જણાવ્યું હતું કે, રાજય સરકાર દ્વારા અમલમાં મુકવામાં આવેલી અનેકવિધ કલ્યાણકારી યોજનાઓ, પ્રવૃત્તિઓ તથા વહીવટ પરત્વે પ્રજાનાં પ્રશ્નોનો ન્યાયિક, ચોક્કસ તથા ઝડપી ઉકેલ આવે તે માટે સુગ્રથિત વહીવટ માળખાકીય વ્યવસ્થા રાજય, જિલ્લા, તાલુકા અને ગ્રામ્ય સ્તરે અમલમાં મુકેલ છે જેનાં સુખદ પરીણામો આપણે મેળવી શક્યા છીએ જેને વધારે હેતુપૂર્ણ કરવા લોક ઉપયોગ એવો સેવા સેતુ કાર્યક્રમનો પણ પ્રારંભ કરવામાં આવેલ છે.

## આજે જિલ્લામાં કેન્દ્ર સરકારની સ્કોલરશીપ માટે ૪ હજાર વિદ્યાર્થી પરીક્ષા આપશે

ગાંધીનગર, તા. ૫

આજે ગાંધીનગર જિલ્લાના ૪ હજારથી વધુ વિદ્યાર્થીઓ સ્કોલરશીપ માટે પ્રતિભા શોધ તેમજ નેશનલ મીન્સ કમ મેરીટ સ્કોલરશીપની પરીક્ષા આપશે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ જિલ્લામાં આ માટે ૧૦ કેન્દ્રો નિયત કરવામાં આવ્યા છે. આ પરીક્ષાનું માધ્યમ અંગ્રેજી અને ગુજરાતી રહેશે તેમજ પ્રશ્નો બહુ વિકલ્પ રહેશે.

શિક્ષણ વિભાગના સૂત્રોએ જણાવ્યુ છે કે રાજયમાં નબળી આર્થિક સ્થિતિ ધરાવતા તેજસ્વી વિદ્યાર્થીઓને માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં ડ્રોપ આઉટ દર ઘટે તથા આ વિદ્યાર્થીઓ ધો. ૧૨ સુધીનો અભ્યાસ પૂર્ણ કરી શકે તે હેતુથી ધો. ૮માં અભ્યાસ કરતા બાળકો માટે એન.એચ.એમ. એસ. પરીક્ષા યોજવામાં આવે છે.

જેમાં પસંદગી પામનાર બાળકને વાર્ષિક રૂ. ૬ હજાર સુધીની સ્કોલરશીપ મળે છે. જિલ્લામાં આ પરીક્ષામાં ૨૫૪૭ જેટલા બાળકો આ પરીક્ષામાં પરીક્ષાર્થી તરીકે નોંધાયા છે અને તે માટે ૭ કેન્દ્રો નિયત કરવામાં આવ્યા છે.

**૧૦ કેન્દ્રો પર આ પરીક્ષા લેવામાં આવશે**

આ ઉપરાંત એન.સી.એ.આર.ટી. દ્વારા ધો. ૧૦માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે રાષ્ટ્રીય પ્રતિભા શોધ કસોટી બે તબક્કામાં યોજવામાં આવે છે જેની પ્રથમ તબક્કાની આજે કસોટી યોજાશે.

આ કસોટી માટે જિલ્લામાં ૧૫૫૦ જેટલા પરીક્ષાર્થીઓ નોંધાયા છે અને તેમાં પસંદગી પામનાર બાળકને માસિક રૂ. ૨ હજાર સુધીની શિષ્યવૃત્તિ અન્ડર ગ્રેજ્યુએશન અને પોસ્ટ ગ્રેજ્યુએશન અભ્યાસ માટે તેમજ વાર્ષિક રૂ. ૧૨,૫૦૦ની શિષ્યવૃત્તિ ધો. ૧૧ અને ધો. ૧૨ ના અભ્યાસ માટે આપવાની જોગવાઈ છે.



શિયાળાની સવાર - શિયાળાના આરંભ સાથે આકાશમાં ધુમ્મસ સર્જાય છે... રીવરફ્રન્ટ પરથી લેવાયેલી તસવીર ધુમ્મસને પ્રતિબિંબિત કરે છે... ધુમ્મસને કારણે વાહન ચાલકોને ભારે હાલાકી ભોગવવી પડતી હતી... ધુમ્મસને કારણે વિઝિબીલીટી પણ ઓછી થતા રાહદારીઓ પણ અટવાય છે...

## રાજકોટમાં ટેસ્ટ મેચને લઈને ચાહકોમાં જોરદાર ક્રિકેટ ક્રેઝ

**એસસીએ સ્ટેડિયમ ખાતે તમામ તૈયારીઓ કરાઈ : સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસીએશન સૌરાષ્ટ્રભરમાં ફર્સ્ટ ક્લાસ ક્રિકેટ મેચો યોજવા માટે તૈયાર : મેચની તૈયારી પૂર્ણ થઈ**

અમદાવાદ, તા.૪

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે નવમી નવેમ્બરથી પ્રથમ ટેસ્ટ મેચ યોજવાના લઈને સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન દ્વારા તમામ તૈયારીઓ કરી લેવામાં આવી છે. ટેસ્ટ મેચોની શ્રેણીની પ્રથમ ટેસ્ટ મેચ જ ગુજરાતના સૌરાષ્ટ્રમાં રમાનાર છે. જેને લઈને ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. બીજી બાજુ ગુજરાતમાં આને લઈને ક્રિકેટ ચાહકોમાં પણ રોમાંચકતા પ્રવર્તી રહી છે. હાલમાં રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન સ્ટેડિયમ ખાતે ફર્સ્ટ ક્લાસની મેચો રમાય છે. રાજકોટમાં એસસીએ સ્ટેડિયમ પર ટેસ્ટ મેચને લઈને તૈયારીઓ કરાઈ છે. બીજી બાજુ ગુજરાતમાં ત્રણ જિલ્લાઓમાં જમીનની ફાળવણી કરવાની વિનંતી રાજ્ય સરકારને કરવામાં આવી છે. સૌરાષ્ટ્રભરમાં સ્ટેડિયમો બનાવવા એસસીએ દ્વારા આયોજન કરવામાં આવ્યું છે.

જાણકાર લોકોના કહેવા મુજબ જો દરેક બાબત યોજના મુજબ આગળ વધશે તો ફર્સ્ટ ક્લાસ ક્રિકેટની મેચો સૌરાષ્ટ્રના તમામ જિલ્લાઓમાં રમાશે. ક્રિકેટ બોડી દ્વારા આ મેદાનો ઉપર મેચ યોજવાને લઈને ઉત્સુકતા દર્શાવી છે. જામનગર, જુનાગઢ અને ગાંધીધામમાં ક્રિકેટ ગ્રાઉન્ડ માટે જમીનની ફાળવણી કરવા અપીલ કરવામાં આવી છે.

સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશનના સેક્રેટરી નિરંજન શાહ દ્વારા આ અંગેનો સંકેત આપી દેવામાં આવ્યો છે. ક્રિકેટ ગ્રાઉન્ડ જે જામનગર અને ગાધીધામમાં છે તેની માલિકી રાજ્ય સરકાર અને જુનાગઢમાં એકની માલિકી લોકલ સિવિક બોડી ધરાવે છે. સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન ઉચ્ચ કક્ષાના માળખા સાથે આ ગ્રાઉન્ડને વિકસિત કરવા માટે તૈયાર છે.



ચારુતર વિદ્યામંડળ સંચાલિત બી.વી.એમ. કોલેજના આચાર્યના નેતૃત્વમાં 'વિશ્વકર્મા યોજના' સાથે સંકળાયેલા અધ્યાપકો તથા વિદ્યાર્થીઓનું શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાના હસ્તે વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યુ હતુ. આ અવસરે ગ્રામ વિકાસલક્ષી વિવિધ પ્રોજેક્ટસનો પ્રારંભ પણ કરવામાં આવ્યો હતો.

### ગમખ્વાર અકસ્માત

● અનુસંધાન પહેલાનું ચાલુ

બેસીને પાવાગઢ ખાતે દર્શન કરવા માટે ગયા હતા. મોડી રાત્રે તેઓ પરત ફરી રહ્યા હતા ત્યારે સામેથી આવતી ટ્રકે છોટા હાથીને ટક્કર મારતા આ દુર્ઘટન સર્જાઈ હતી. હાઈવે ઉપર અફડાતફડી મચી ગઈ હતી. અકસ્માત એટલો પ્રચંડ હતો કે છોટા હાથીમાં રહેલા ૧૪ લોકોના ઘટના સ્થળે મોત થયા હતા. જ્યારે અન્યોને સારવાર માટે સીવીલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. ત્રણેયની હાલત ગંભીર જણાવવામાં આવી રહી છે. પોલીસે મૃતકોની લાશને પોસ્ટમોર્ટમ માટે મોકલી હતી. ઘટનાની જાણ થતા શિક્ષણ પ્રધાન ભૂપેન્દ્રસિંહ ચુડાસમા પણ મોડી રાત્રે તાત્કાલિક ધોળકા પહોંચી ગયા હતા. સંસદીય સચિવ શામજીભાઈ ચૌહાણ પણ સોખડા પહોંચી ગયા હતા.

### પરિવર્તન યાત્રા

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઓઆરઓપીનો મુદ્દો ઉઠાવતા અમિત શાહે કહ્યું હતું કે એક સૈનિકની આત્મહત્યા પર કોંગ્રેસ અને અન્ય પક્ષો રાજનીતિ કરી રહ્યા છે. શાહે કહ્યું હતું કે રાહુલ ગાંધીના દાદી અને પૂર્વ વડાપ્રધાન ઈન્દિરા ગાંધી અને રાહુલના પિતા રાજીવ ગાંધીએ ઓઆરઓપીનો મુદ્દો અટવાયેલો રાખ્યો હતો. ભાજપે તેને લાગુ કરવામાં સફળતા મેળવી છે. શાહે સમાજવાદી પાર્ટી અને બહુજન સમાજ પાર્ટી ઉપર પણ પ્રહારો કર્યા હતા અને કહ્યું હતું કે આ નેતાઓની સાથે હાથ મિલાવવાથી કોઈ પણ ચીજ હાંસલ થઈ શકશે નહીં.રજત જયંતિ કાર્યક્રમમાં મહાગઠબંધન રચવાના અહેવાલ અંગે ટિપ્પણી કરતા શાહે કહ્યું હતું કે નેતાઓ સાથે આવવાથી કોઈ ફાયદો થશે નહીં. જનતાને પણ હાથ મિલાવવાની જરૂર છે. જનતા આ નેતાઓની સાથે દેખાઈ રહી નથી. સમાજવાદી પાર્ટીમાં ચાલી રહેલી લડાઈના મુદ્દે શાહે ટિપ્પણી કરતા કહ્યું હતું કે પાર્ટીમાં વિભાજનની સ્થિતિ દેખાઈ રહી છે.

### આજીવિકા કેન્દ્ર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગાંધીનગર શહેરની જનતાને આવા વ્યવસાય સાથે જોડાયેલા લોકોને સીધા જોડાણ કરવા આ શહેરી આજીવિકા કેન્દ્ર મુખ્ય માધ્યમ બની સેવા પુરી પાડશે. જે આજીવિકા કેન્દ્રનું ઉદ્‌ઘાટન ભારત સરકારના શહેરી વિકાસ મંત્રાલયના મંત્રી શ્રી વેંકૈયા નાયડુના વરદ્ હસ્તે તા. ૮-૧૧-૨૦૧૬ના રોજ ખુલ્લુ મુકાશે.

### મુંબઈ બજારને

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જળવાઈ રહે તે માટે પોલીસ તંત્ર દ્વારા જરૂરી પગલા લેવામાં આવ્યા છે. સલામતીના પરિબળોને ધ્યાને લઈ પોલીસ દ્વારા સત્યાગ્રહ છાવણી નજીક સ્થિત મુંબઈ બજાર તેમજ તીબેટીયન બજારના ટેન્ટ પણ દુર કરી દેવાયા છે. શિયાળાની ઠંડીના આગમન સાથે શહેરમાં શરૂ થયેલા ગરમ કપડાના વેચાણ માટે ૩૬ જેટલા તીબેટીયન પરિવારો પણ શહેરમાં આવી પહોંચ્યા છે. જયારે તીબેટીયન બજારમાં અવનવા ગરમ કપડા ખરીદવા માટે નગરજનોની ભીડ પણ જામે છે. પરંતુ આંદોલનને લીધે પોલીસ તંત્ર દ્વારા તીબેટીયન સ્વેટર સેલર એસોને નોટીસ આપી આ તંબુઓ એક દિવસ માટે ખાલી કરી દેવા માટે સુચના આપવામાં આવી છે. જેના પગલે આજે આ વેપારીઓ પોતાનો માલસામાન ટ્રકમાં ખસેડી તંબુ દુર કરી દીધા છે. મુંબઈ બજાર અને તીબેટીયન માર્કેટને એક દિવસ બંધ રાખવા સામાન ખસેડવા સહીત ધંધામાં રૂ ૧૦ લાખનો ફટકો સહન કરવાનો વારો આવ્યો હોવાનુ પણ મનાઈ રહયુ છે.

### પાણીનો પોકાર

● અનુસંધાન ત્રીજાનું ચાલુ

બોર બનાવાની મોટાભાગની કામગીરી પુર્ણ કરી દેવામાં આવી છે. જયારે બોરીજમાં પણ સ્થળ પસંદગીના અંતે બોર બનાવાની કામગીરી હાથ ધરાશે. બીજીતરફ સે -૧૯ માં બોર ત્વરિત અસરથી બોર બનાવાનુ કામ શરૂ કરવામાં આવ્યુ છે. સેકટરનો બોર ફેઈલ થતા આ વિસ્તારમાં છેલ્લા ૧૫ દિવસથી ફોર્સથી પાણી ન આવતુ હોવાની પોકાર પણ ઉઠવા પામી છે. પાણીનો બોર ફેઈલ થતા તંત્ર દ્વારા પાણીનો બોર બનાવવાનુ કામ શરૂ કરી દેવાયુ છે. ટુંકમાં જ બોર તૈયાર થતા સેકટરમાં ફોર્સથી પાણી આવશે તેમ પણ સુત્રો દ્વારા જણાંવાયુ છે. જયારે સે-૧૯ માં પાણીનો બોર બાંધવાનુ કામ પુર્ણ થયા બાદ બોરીજમાં નવો બોર બનાવાની કામગીરી પણ શરૂ કરી દેવાશે.

### રઝળપાટ

● ૪ પાનાનું ચાલુ...

આ ફર્જી એનકાઉન્ટર નથી પોલીસે આપેલા સરેન્ડર થવાના આદેશને બદલે ફરાર કેદીઓએ પોલીસ પર કરેલા હુમલાનો પ્રતિકાર કરતા પોલીસ સાથેની મુઠભેડમાં જ આ આઠેય માર્યા ગયા છે. જો કે આ તો સરકારી થીયરી છે સાચું તો તપાસમાં જ બહાર આવશે, પણ જો ખરેખર આ આખુયે એનકાઉન્ટર ફેક હોય તો કમનસીબી કહેવાય, કમનસીબી એટલા માટે કે સવાલ મુસ્લિમ કે હિંદુનો નથી પણ આપણા લોકશાહી દેશના બંધારણમાં રહીને જ કોઈને પણ એના ગુના માટે સજા થવી જોઈએ નહી કે મનસ્વી રીતે અને એ પણ પોલીસની ગોળીઓથી તો નહિ જ સિવાય કે પોલીસ પાસે એનું કોઈ નક્કર કારણ હોય અને ભોપાલ એનકાઉન્ટરના કિસ્સામાં શિવરાજ સરકાર અને પોલીસે નક્કર કારણ બહાર લાવવું જ રહ્યું. જો કે દેશમાં થયેલા અનેકો એનકાઉન્ટરનો ઈતિહાસ ગવાહ છે કે સત્ય ભાગ્યે જ બહાર આવ્યું છે. આશા રાખીએ કે ભોપાલ એનકાઉન્ટરનું સત્ય બહાર આવે જેથી મિલ્કનું મિલ્ક અને વોટરનું વોટર થઈ જાય...!